જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૮/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૩૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૫	૦	૧૧૬૩૫	૧૭૭૪૬	૦	૧૭૭૪૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૫	૧	૧૦૬	૩૬૭	૦	૩૬૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૭૧૦૧	૯૬	૬૭૧૯૭	૬૭૮૬૫	૧૦૦	૬૭૯૬૫
કુલ		૮૩૫૭૩	૯૭	૮૩૬૭૦	૯૨૨૪૬	૧૦૦	૯૨૩૪૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૧	૨,૭૯,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૫૭	૧૦,૫૭,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

પોકેટકોપ મોબાઈલ ફોનમાં ઓટોરિક્ષા નં.જીજે.૦૧.સીઝેડ.૯૫૦ નો સર્ચ કરી માલિકને પુછતાં તેની ઓટોરિક્ષા ચોરી થયેલાનુ જણાવતાં આરોપીને ઓટોરિક્ષા સાથે પકડી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનનો વાહનચોરીનો ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ અવાર-નવાર સુચનાઓ કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા અ.પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા અ.પો.કો. જીતેન્દ્રસિહ લાખુભા બ.નં.૬૭૯૨ તથા અ.લો.૨.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લાંભા ટી પાસે એક ઈસમ ઓટોરિક્ષા નં.GJ-01-CZ-950 ની શંકાસ્પદ હાલતમાં ચલાવી લઈ દુરથી આવતો જણાતાં તેને નજીક આવવા દઈ કોર્ડન કરી રોકી લઈ તેની પાસેની ઓટોરિક્ષા નં.GJ-01-CZ-950 નો સરકારી પોકેટકોપ મોબાઈલ ફોનમાં સર્ચ કરતાં તેના માલિક મુકેશભાઈ બાબુભાઈ વાઘેલા રહે.૩૧/૬૯ ચંદુજી ઠાકોરની ચાલી ઓકટ્રોય નાકા નજીક વસ્ત્રાપુર અમદાવાદ શહેરનો હોવાનુ જણાયેલ જેથી તેનો સંપર્ક કરી પુછતાં પોતાની ઓટોરિક્ષા ગઈ તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ રાત્રિના સમયે વસ્ત્રાપુર ઓકટ્રોય નાકા નજીક આવેલ ચંદુજી ઠાકોરની ચાલીમાં પોતાના મકાન બહારથી ચોરી થયેલાનુ જણાવેલ. અને સદરી ઓટોરિક્ષા ચાલક ઈસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતાં તેણે પોતાનુ નામ ભાવેશ બળદેવભાઈ જાતે પુરબીયા ઉ.વ.૧૯ ધંધો–છુટક મજુરી રહે– કાલુપુર રેલ્વે સ્ટેશનની અંદર ફુટપાથ ઉપર અમદાવાદ શહેર મુળ ગામ–કરોલી તા–મહેમદાબાદ જી ખેડાનો હોવાનુ જણાવેલ. તેમજ ઓટોરિક્ષાના બિલ કે આધારપુરાવા માંગતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી અને ગલ્લા તલ્લા કરવા લાગેલ જેથી ઓટોરિક્ષા ચોરી કરેલાનુ જણાતાં ઓટોરિક્ષા આર.ટી.ઓ. નં.GJ.01.CZ.950 ની એન્જીન નં.242WCD06253 તથા ચેસીસ નં.MD2A23A23CWD03530 ની આશરે કિં.રૂ.૭૦૦૦૦/- ગણી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ તા.૦૭/૦૮/૨૦૨૧ ના કલાક ૧૪/૦૦ વાગે અટક કરેલ છે અને સદરી ઓટોરિક્ષાની ચોરી બાબતે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે જાણ કરી વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતેનો વાહન ચોરીનો ગુનો પોકેટકોપ મોબાઈલ ફોનના માધ્યમથી શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૭/૦૮/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૩૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ અને ૬ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૪૩૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૪૩૪/૨૦૨૧**

નવરંગપુરા : જૈમીનભાઇ હર્ષદભાઇ વોરા (ઉ.વ.૩૭)(રહે.સાંઇપુજા એપાર્ટમેન્ટ મહાદેવનગર સરદાર પટેલ સ્ટેડીયમ પાસે નવરંગપુરા) એ તા.૧૫/૦૭/૨૦૨૧ સાંજના ૫/૦૦ થી તા.૧૭/૦૭/૨૦૨૧ સવારના ૧૦/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા સરદાર પટેલ સ્ટેડીયમ લખુડી પેટ્રોલપંપની ગલીમાં ચૈતન્ય સોસાયટી ખાતે પાર્ક કરેલ પોતાની નિશાન ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૧૮.બી.બી.૫૦૨૫ કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની કોઈ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની ફરીયાદ જૈમીનભાઇ વોરા એ તા.૦૬/૦૮/૨૦૨૧ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૪૩૫/૨૦૨૧**

માધવપુરા : દશરથભાઈ મેવાભાઈ સોલંકી (ઉ.વ.૩૫)(રહે.ગણેશપુરાની ચાલી, શક્તીનગર ચાર રસ્તા, શંકરભુવન પાસે, માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લેતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૪/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વીનાજી રુગ્નાથજી ચલાવે છે.

શહેરકોટડા : ઘનશ્યામભાઇ ચુનીભાઇ વાડદોરીયા (ઉ.વ.૫૦)(રહે.હર્ષદ કોલોની વિભાગ-૨ રાજલક્ષ્મી સોસાયટી સામે, બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વસુધારા એસ્ટેટ દુકાન નંબર-૧૫ ખાતે કોઇ દવા પી લેતા શરીરે અસર થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બટુકસિંહ કાભઇભાઇ ચલાવે છે.

વાસણા : યોગેશભાઈ પ્રવિણભાઈ સોલંકી (ઉ.વ.૩૬)(રહે,સોરાઈનગર, બાપા સીતારામ મંદિર પાસે, વાસણા) એ અગમ્ય કારણોસર તા.૦૬/૦૮/૨૦૨૧ ના કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના કડાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવનેશભાઇ દિલીપભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી